# ભારતીય જનતા પક્ષ

**૧૧, અશોક રોડ, નવી દિલ્હી-૧૧૦ ૦૦૧**

## ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ શ્રી પ્રકાશ જાવડેકરનું પ્રેસ વક્તવ્ય

યુપીએ સરકારના શાસનકાળમાં જંગી નાણાકીય ગોલમાલ ધરાવતા વધુ એક કૌભાંડનો પર્દાફાશ થયો છે. કરજમાફીને પાત્ર એવા આશરે ૩૪ લાખ ખેડૂતોને તે યોજનાનો લાભ મળ્યો નહિ, જ્યારે કરજમાફીને પાત્ર ન હોય એવા ૨૪ લાખથી વધારે ખેડૂતો તે યોજનાનો લાભ મેળવી ગયા. તે બાબતનો કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ(કેગ)નો અહેવાલ આંખ ઉઘાડનારો છે. ભાજપ આ કૌભાંડની તાત્કાલિક સીબીઆઈ તપાસ યોજવાની માગણી કરે છે.

કેગ દ્વારા હજી તો ૩.૫ કરોડ ખાતાઓમાંથી ફક્ત ૯૦ હજાર ખાતાઓની જ તપાસ કરવામાં આવી છે. આ નાના નમુનામાં કેગને ૧૩ ટકા એવા ખેડૂતો મળ્યા કે જેઓ ખરેખર કરજમાફીને પાત્ર હતા તેઓને આ યોજનાનો લાભ મળ્યો નહિ. ૮.૫ ટકાથી વધારે ખેડૂતો કે જેઓ કરજમાફીને પાત્ર ન હતા તેઓને આ યોજનાનો ફાયદો મળ્યો. તેમાં કદાચ અનેક એવા લોકો હશે કે જેઓ ખરેખર ખેડૂત નહિ હોય. આવા લાભાર્થીઓનો આંકડો ઘણો મોટો થવાની સંભાવના છે. **ભાજપ એવી માગણી કરે છે કે કરજમાફીને પાત્ર  તમામ ખેડૂતોને ૩૧ માર્ચ, ૨૦૧૩થી લેણી નીકળતી રકમ ચૂકવવી જોઈએ.**

કોંગ્રેસ હવે ભ્રષ્ટાચારનો પર્યાય બની ગયો છે. રાષ્ટ્રકૂળ રમતોત્સવ કૌભાંડ, કોલસા કૌભાંડ, ટુ-જી કૌભાંડ, હેલિકોપ્ટર કૌભાંડ અને હવ ખેડૂતોની લોનમાફીનું કૌભાંડ બહાર આવ્યું છે. જેમાં સરકારી તિજોરીમાંથી અનેક લોકોને ખોટી રીતે લાભ મળ્યો છે.

મૂળ યોજનામાં ફેરફાર કરાતા અનેક નાના અને સીમાંત ખેડુતોને તેનો લાભ ન મળ્યો. હકીકતમાં વર્ષ ૧૯૯૭ પછીના નાના અને સીમાંત ખેડૂતોને તેનો લાભ પ્રાપ્ત થવો જોઈતો હતો. તેમાંના અનેક ખેડૂતોએ ભારે હાડમારી વેઠીને કરજ ભરપાઈ કરવું પડ્યું અને કરજમાફીને પાત્ર હોવા છતાં તે યોજનાનો લાભ મળ્યો નહિ.

આઘાતજનક બાબત એ છે કે અમુક માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યુટ કરજમાફીને પાત્ર ન હોવા છતાં તેને લાભ આપવામાં આવ્યો હતો. કેગને અનેક કેસોમાં ચેડાં થયાનું, લખાણમાં ચેકચાક કરવામાં આવ્યાનું અને એવી રીતે કૌભાંડ આચરવામાં આવ્યાનું માલુમ પડ્યું છે. કેગના અંદાજ અનુસાર કરજમાફીને પાત્ર હોય એવા છ ટકા ખેડૂતોને તેનો લાભ આપવામાં આવ્યો નથી. કરજમાફીના પ્રમાણપત્રો આપવામાં આવ્યા નહિ. ભાજપ એવી માગણી કરે છે કે તપાસમાં એ બાબત નક્કી થવી જોઈએ કે સમગ્ર કૌભાંડમાં કોની જવાબદારી છે... દોષિત વિરુદ્ધ પગલાં લેવા જોઈએ.

કરજમાફી છતાં કૃષિક્ષેત્રમાં પરિસ્થિતિ વણસી છે. અનેક ખેડૂતોએ આપઘાત કરવો પડે એવી હાલત છે. કૃષિ આધારિત અર્થતંત્ર કથળી ગયું છે, કારણ કે ખાતર, જંતુનાશક દવા, બિયારણ, પાણી, વીજળી અને ડિઝલના ભાવમાં ભારે વધારો થયો છે. લઘુતમ ટેકાના ભાવ અને પાક ઉત્પાદન વચ્ચે તફાવત વધ્યો છે. ભાજપ સ્વામિનાથન પંચની ફોરમ્યુલા મુજબ એટલે કે ઉત્પાદન ખર્ચ વત્તા ૫૦ ટકા મુજબ ખેડૂતોને વળતર આપવાની માગણી કરે છે.

**(રામકૃપાલ સિન્હા)**
**માનદ મંત્રી, ભાજપ સંસદીય પક્ષ**